# એમ.એસ.યુનિ.ના વીસી અને પૂર્વ વીસીનો

# નેશનલ એજ્યુકેશન પોલિસિનો અમલ કરાવવા માટેની કમિટિમાં સમાવેશ

વડોદરા,મંગળવાર

કેન્દ્ર સરકાર દ્વારા ગયા વર્ષે નેશનલ એજ્યુકેશન પોલિસી જાહેર કરવામાં આવી હતી.આ પોલિસીના અમલીકરણ માટે હવે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા દરેક ઝોન પાડીને સમિતિઓ બનાવવામાં આવી છે.જેમાં એમ.એસ.યુનિવર્સિટીના વર્તમાન વાઈસ ચાન્સેલર અને પૂર્વ વાઈસ ચાન્સેલરને સ્થાન મળ્યુ છે.

નેશનલ એજ્યુકેશન પોલિસીના અમલ બાદ ઉચ્ચ શિક્ષણમાં ધરખમ ફેરફારો થવાની વકી છે.જોકે તેના અમલને લઈને હજી પણ વિવિધ યુનિવર્સિટીઓમાં સમાનતા જોવા મળી રહી નથી.

સંખ્યાબંધ યુનિવર્સિટીઓએ તો આ પોલિસીની જોગવાઈનો હજી સુધી અમલ કર્યો નથી.આ સંજોગોમાં યુજીસીએ હવે યુનિવર્સિટીઓને તેના અમલમાં સરળતા રહે તે માટે દરેક ઝોન પ્રમાણે કમિટિ બનાવી છે.આ કમિટિ દ્વારા યુનિવર્સિટીઓ અને કોલેજોને પોલિસીના અમલીકરણ માટે મદદ કરવામાં આવશે.

જેમાં યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો.પરિમલ વ્યાસને વેસ્ટ ઝોનની કમિટિમાં સ્થાન મળ્યુ છે.પશ્ચિમ ઝોનમાં ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર તેમજ દીવ-દમણ અને દાદરા નગર હવેલીનો સમાવેશ કરાયો છે.જ્યારે પૂર્વ વાઈસ ચાન્સેલર પ્રો.યોગેશ સિંઘને નોર્થ ઝોનની કમિટિના કો ઓર્ડિનેટર બનાવવામાં આવ્યા છે.